



પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૩૧ | ૨૧ જુલાઈ, ૨૦૨૧, બુધવાર; અષાઢ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશના ૬૮ ટકામાં એન્ટીબોડી વિકસિત : સર્વેક્ષણ

**રાષ્ટ્રીય સીરો સર્વેનો ચોથો તબક્કો ૨૧ રાજ્યોના ૭૦ જિલ્લામાં કરાયો : આશરે ૪૦ કરોડ લોકોને હજુ કોરોના સંક્રમણનો ખતરો, બાળકો સંક્રમણનો સારી રીતે સામનો કરી શકતા હોઈ પ્રાથમિક શાળાઓ ખોલવા વિચારી શકાય**



નવી દિલ્હી, તા.૨૦

દેશભરમાં કરાવવામાં આવેલા સીરોલોજિકલ સર્વેમાં ૬૭.૬ ટકા લોકો પોઝિટિવ આવ્યા છે. જેનો અર્થ છે કે આટલા ટકા લોકો પહેલા જ સંક્રમણની ઝપેટમાં આવી ચુક્યા છે અને તેના શરીરમાં કોવિડ-૧૯ વાયરસ વિરુદ્ધ એન્ટીબોડી વિકસિત થઈ ચુકી છે. સ્વાસ્થ્ય મંત્રાલયે મંગળવારે જણાવ્યું કે, દેશમાં કરાવવામાં આવેલા સીરો સર્વેમાં ૬૭.૭ ટકા લોકો સીરો પોઝિટિવ આવ્યા છે. આ સર્વે જૂન-જુલાઈમાં કરાવવામાં આવ્યો છે. આઈસીએમઆરના ડાયરેક્ટર જનરલ ડો. બલરામ ભાર્ગવે કહ્યુ કે રાષ્ટ્રીય સીરો સર્વેનો ચોથો તબક્કો જૂન-જુલાઈમાં ૨૧ રાજ્યોના ૭૦ જિલ્લામાં કરવામાં આવ્યો હતો. તેમાં ૬-૧૭ વર્ષની ઉંમરના બાળકો સામેલ હતા. તેમણે કહ્યું કે, સર્વેક્ષણમાં સામેલ કરવામાં આવેલા સ્વાસ્થ્ય કર્મીઓમાં ૮૫ ટકામાં સાર્સ-સીઓવી-૨ વિરુદ્ધ એન્ટીબોડી મળી છે, જ્યારે સ્વાસ્થ્ય કર્મીઓમાં ૧૦ ટકાને અત્યાર સુધી રસી લાગી નથી.

સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું કે, એક તૃતિયાંશ જનસંખ્યામાં સાર્સ-સીઓવી-૨ એન્ટીબોડી ન

● અનુસંધાન પાન-૭ પર

# દેશમાં શાળાઓ ખોલવા માટે ગુલેરીયાનું સમર્થન

**બાળકોની ઈમ્યુનિટી મજબૂત : શાળાઓ ફરીથી ખોલવાનું સમર્થન કરું છું પરંતુ આ કામ એ જિલ્લાઓમાં શરૂ થવું જોઈએ જ્યાં કોરોનાના કેસ ખુબ ઓછા છે : રણદીપ ગુલેરિયા**

નવી દિલ્હી, તા.૨૦

કોરોનાની ત્રીજી લહેરની આશંકા વચ્ચે બાળકો પર તેનો સૌથી વધુ ખતરો હોવાનું કહેવાઈ રહ્યું છે અને આજ કારણે અનલોકની પ્રક્રિયા બાદ પણ શાળાઓને હજુ પણ ખોલવામાં આવી નથી. જો કે છૈંસ્જી ના ડાયરેક્ટર રણદીપ ગુલેરિયાએ ત્રીજી લહેરની આશંકા વચ્ચે પણ શાળાઓ ખોલવાની વકિલાત કરી છે અને આ માટે તેમણે ખાસ રણનીતિ બનાવવાનું સૂચન પણ આપ્યું છે. ડો.ગુલેરિયાએ કહ્યું કે તમામ રાજ્ય સરકારોએ ખાસ રણનીતિ પર કામ કરીને શાળાઓ ખોલવા પર વિચાર કરવો જોઈએ. દેશના મોટાભાગના રાજ્યોમાં ગત વર્ષ માર્ચથી પહેલું લોકડાઉન લાગ્યું ત્યારબાદથી શાળાઓ બંધ છે અને હવે તેને ફરીથી ચાલુ કરવા પર કામ કરવાની જરૂર છે.



કોરોનાકાળમાં વર્ચ્યુઅલી ક્લાસ ચાલી રહ્યા છે અને વિદ્યાર્થીઓ ઘરે રહીને જ અભ્યાસ કરે છે. કેન્દ્ર સરકારે હવે ધીરે ધીરે અનલોકની પ્રક્રિયા આગળ વધારવાના ક્રમમાં ગત ઓક્ટોબર મહિનામાં શાળાઓ ખોલવાની પણ મંજૂરી આપી હતી જો કે અનેક રાજ્યોમાં વિદ્યાર્થીઓ સંક્રમિત થયા બાદ આ નિર્ણય પાછો ખેંચાયો અને શાળાઓ પર ફરીથી મહામારીનું તાળું લટકી ગયું.

રિપોર્ટ મુજબ ડો. ગુલેરિયાએ કહ્યું કે શાળાઓ ફરીથી ખોલવાનું સમર્થન કરું છું પરંતુ આ કામ એ જિલ્લાઓમાં શરૂ થવું જોઈએ જ્યાં કોરોનાના કેસ

● અનુસંધાન પાન-૭ પર

# સતત બીજા દિવસે સંસદમાં હંગામો

**લોકસભાની કાર્યવાહી ગુરુવારે સવારે ૧૧ વાગ્યા સુધી મુલતવી રાખવામાં આવી**

નવી દિલ્હી, તા.૨૦

ચોમાસુ સત્રના બીજા દિવસની શરૂઆત હંગામા સાથે થઈ હતી. જેના કારણે લોકસભાની કાર્યવાહી ગુરુવારે સવારે ૧૧ વાગ્યા સુધી મુલતવી રાખવામાં આવી છે.

ચોમાસુ સત્રમાં અનેક મુદ્દાને લઈને વિપક્ષ સરકાર પર આકરા પ્રહાર કરી રહી છે. નોંધનિય છે કે પહેલા દિવસે વડા પ્રધાન નરેન્દ્ર મોદી ગૃહમાં પ્રધાનોની ઓળખ પણ કરાવી શક્યા ન હતા. ફોન ટેપીંગ દ્વારા જાસૂસીનો મામલો પહેલા દિવસે જ ગૃહમાં ગુજયો હતો. તે જ સમયે, કોરોનાની ભયાનક મહામારી, ખેડુતોનું આંદોલન, મોંઘવારી, બેરોજગારી, પેટ્રોલ-ડીઝલના ભાવ, ચીન અને રાફાલ જેવા મુદ્દાઓ પર બબાલ હજુ બાકી છે.

શિવસેનાના સાંસદ સંજય રાઉતે કોરોનાને લઈને કેન્દ્ર પર જોરદાર નિશાન સાધ્યું હતું. તેમણે રસીકરણના મુદ્દે ભારે પ્રહાર કર્યા. તેમણે કહ્યું કે રસીનું સંકટ ચાલુ છે, પરંતુ મોટા મોટા દાવા કરવામાં આવી રહ્યા છે. રસીકરણ કેન્દ્રમાં ખરાબ સ્થિતિ છે. કેન્દ્ર કોરોનાની બીજી લહેરમાં દેશની સ્થિતિ માટે જવાબદાર છે.

રાજ્યસભામાં આરજેડીના સાંસદ મનોજ ઝાએ કહ્યું હતું કે, આપણે માફીનામુ મોકલવુ જોઈએ, જે પરિવારના સભ્યોની લાશો ગંગામાં વહેતી હતી, જે લોકો આ મહામારીમાં મરી ગયા, તેમની પીડા જ આંકડો છે. હું આજે કોઈ પણ પક્ષ વતી બોલતો નથી, હું આજે લાખો માટે બોલું છું.

કોંગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખડગેએ કોરોના પર નિવેદન આપ્યું. તેમણે કોરોનામાં પોતાનો જીવ ગુમાવનારા લોકોને શ્રદ્ધાંજલિ અર્પી. આ પછી, તેમણે કોરોનાની દુર્ઘટના સંદર્ભે સરકાર પર પ્રહાર કર્યા. તેમણે કહ્યું કે આટલા મોટા દેશમાં કોરોનાને કારણે કેટલા

● અનુસંધાન પાન-૭ પર

## તાલીબાનની ધમકીથી ડરીને તુર્કીની અમેરિકાને સમર્થન આપવા અપીલ

અંકારા, તા.૨૦

અફઘાનિસ્તાનમાં વર્ચસ્વનો જંગ ચાલી રહ્યો છે. તાલિબાન દ્વારા દેશમાં એક પછી એક વિસ્તારો કબ્જે કરવામાં આવી રહ્યા છે ત્યારે તાલિબાન આતંકીઓએ હવે તુર્કીને પણ ધમકી આપી છે.

તુર્કીએ તાજેતરમાં પ્રસ્તાવ મુક્યો હતો કે, અમેરિકા સહિત નાટો દેશોના સૈનિકો અફઘાનિસ્તામાંથી સંપૂર્ણપણે રવાના થઈ જશે તો કાબુલ એરપોર્ટની સુરક્ષા માટે અમારા સૈનિકો જવાબદારી સંભાળશે. જોકે તાલિબાને સામે ધમકી આપી છે કે, તુર્કીની સેના અફઘાનિસ્તાન નહીં છોડે તો તેમની સામે અમે કાર્યવાહી કરીશું. અહીંયા સૈનિકોની તૈનાતીના ભયાનક પરિણામ આવશે. તાલિબાનની ધમકીથી તુર્કીના રાષ્ટ્રપતિ એર્દોગાનની ઉંઘ ઉડી ગઈ છે. તેમણે કહ્યુ છે કે, અમેરિકાએ રાજકીય મામલામાં અમારો પક્ષ લેવો પડશે અને તેમની જે પણ લોજિસ્ટિક ક્ષમતા છે તે અમને આપવી પડશે.

## પશ્ચિમ બંગાળમાં ભાજપના કાર્યકર દેવેશની હત્યા

કોલકાતા, તા.૨૦

બંગાળ વિધાનસભા ચૂંટણી બાદ શરૂ થયેલી હિંસા હજી પણ ચાલી રહી છે. હાઈકોર્ટના આદેશના પગલે હ્યુમન રાઈટ કમિશનની ટીમોએ હિંસાગ્રસ્ત વિસ્તારોની લીધેલી મુલાકાત બાદ પણ બંગાળની સ્થિતિમાં કોઈ ફરક પડ્યો નથી.

ખાસ કરીને આ હિંસામાં ભાજપના કાર્યકરોને ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે. આજે બંગાળના ઉત્તર દિનાજપુર વિસ્તારમાં ભાજપના ૫૨ વર્ષીય કાર્યકર દેવેશ બર્મનનો મૃતદેહ ઝાડ પર લટકતો મળી આવ્યો હતો.

# સરકારી આંકડા કરતા ૧૦ ગણા લોકોનાં કોરોનાથી મોત

**સ્ટડી સેન્ટર ઓફ ગ્લોબલ ડેવલપમેન્ટની રિપોર્ટ : સેન્ટરે સ્ટડી હેઠળ કોરોના દરમિયાનમાં થયેલા મોત અને તે પહેલાનાં વર્ષોમાં થયેલા મોતનું વિષ્લેષણ કર્યું**

નવી દિલ્હી, તા.૨૦

ભારતમાં કેન્દ્રિય આરોગ્ય મંત્રાલયે દાવો કર્યો છે, તેનાથી વધું મોત થયા હોવાનું બહાર આવ્યું છે, અમેરિકાનાં રિસર્ચ ગૃપ સ્ટડી સેન્ટર ઓફ ગ્લોબલ ડેવલપમેન્ટની રિપોર્ટમાં દાવો કરાયો છે કે ભારતમાં સરકારી આંકડાથી ૧૦ ગણા વધુ એટલે કે ૪૭ લાખ લોકોનાં મોત થયા છે, જે અત્યાર સુધીનો સૌથી વધુ છે.

ભારતમાં એપ્રિલ અને મે મહિના દરમિયાન સંક્રમણનાં કારણે સૌથી વધુ મોત થયા હતા, સંસોધકોએ જણાવ્યું કે ખરેખર તો મોત કેટલાય મિલિયન હોઈ શકે છે, અને જો આ આંકડા સાચા હોય તો આ ભારતનાં વિભાજન બાદની સૌથી મોટી હોનારત છે, સેન્ટરે સ્ટડી હેઠળ કોરોના દરમિયાનમાં થયેલી મોત અને તે પહેલાનાં વર્ષોમાં થયેલા મોતનું વિષ્લેષણ કર્યુ છે, તેનાં આધારે જ સેન્ટરે ૨૦૨૦થી ૨૦૨૧ દરમિયાન મોતનો આંકડો કાઢ્યો છે, અને તેને કોરોનાથી જોડતા સરકારનાં આંકડા પર સવાલ ઉઠાવ્યો છે.

આ સ્ટડીના લેખકોમાં ભારતનાં પુર્વ મુખ્ય આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણ્યમ સ્વામીનો પણ સમાવેશ થાય છે. સ્ટડીમાં એવું કહેવામાં આવ્યું છે કે મૃત્યુની સંખ્યાને કોરોના સાથે જોડવી ખૂબ જ મુશ્કેલ છે, પરંતુ તમામ અનુમાનો સૂચવે છે કે કદાચ કોરોના ચેપને કારણે, અગાઉના વર્ષોની તુલનામાં આ સમયગાળામાં મૃત્યુઆંક એટલો વધી ગયો છે.

# દિલ્હીમાં ડ્રોનથી હુમલાનું આતંકી સંગઠનોનું આયોજન

**સ્વાતંત્ર્ય પર્વ પર દિલ્હીમાં આતંકી હુમલાનું એલર્ટ : સુરક્ષા એજન્સીઓને આ બાબતની જાણકારી મળ્યા બાદ દિલ્હીમાં ૧૫ ઓગસ્ટે સુરક્ષા કવચ ગોઠવવાની કાર્યવાહી**

નવી દિલ્હી, તા.૨૦



સ્વાતંત્ર્ય પર્વે એટલે કે ૧૫ ઓગસ્ટના દિવસે દિલ્હીમાં આતંકી હુમલાનુ એલર્ટ જાહેર કરાયુ છે.જેના પગલે સુરક્ષા એજન્સીઓ સતર્ક બની ગઈ છે.

જાણકારી પ્રમાણે પાકિસ્તાની આતંકી સંગઠનો આ દિવસે હુમલો કરવાની ફીરાકમાં છે. સુરક્ષા એજન્સીઓને આ બાબતની જાણકારી મળ્યા બાદ હવે દિલ્હીમાં ૧૫ ઓગસ્ટે સુરક્ષા કવચ ગોઠવવાની કાર્યવાહી કરાઈ રહી છે. એજન્સીઓને મળેલી જાણકારી પ્રમાણે આતંકી સંગઠનો ડ્રોન વડે મોટો હુમલો કરવાનુ પ્લાનિંગ કરી રહ્યા છે. જેના પગલે એલર્ટ જાહેર કરાયુ છે. સાથે સાથે પાંચ ઓગસ્ટે હુમલાનો ખતરો પણ વધી ગયો છે. કારણકે આ દિવસે જ જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવામાં આવી હતી. દિલ્હી પોલીસને હુમલાને ધ્યાનમાં રાખીને ખાસ ટ્રેનિંગ અપાઈ છે.

સુરક્ષા એજન્સીઓનુ કહેવુ છે કે, આતંકીઓ અથવા અસામાજીક તત્વો દેશનો માહોલ ખરાબ કરવા માંગે છે. ડ્રોન હુમલાની શકયતાને જોતા ઈન્ડિયન એરફોર્સના હેડ ક્વાર્ટરમાં એક વિશેષ ડ્રોન કંટ્રોલ રૂમ બનાવાયો છે. લાલ કિલ્લા પર ચાર એન્ટી ડ્રોન સિસ્ટમ લગાવવામાં આવી રહી છે.

લાંબાત અગરબત્તી ઘર માટે
- ઈબાદત કા ધુપ
- મચ્છર મારને કા ધુપ
- ગુલાબ અગરબત્તી

આયુર્વેદિક હેર ઓઈલ મળશે.
(બિઝનેસ ઓફિસ માટે)
Mo.9913311334



જાહેર આભાર



માનનીય લોક લાડીલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ ની દિર્ઘદ્રષ્ટી તથા સ્વપ્ન સમાન ગીફ્ટ સીટીની નજીક ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સાહેબ તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નિતિનભાઈ પટેલ સાહેબ ના સંવદેનશીલ નિર્ણય શક્તિથી ગાંધીનગર અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી દ્વારા શાહપુર, બાસણ, પાલજ, લવારપુર ની ટીપી નં.૨૫ નું આયોજન અને મંજુરી આપવા બદલ ખૂબ ખૂબ આભાર...

-: શુભેચ્છકો :-

સમસ્ત શાહપુર ગ્રામજનો
સમસ્ત બાસણ ગ્રામજનો
શ્રી એચ.કે.પટેલ, શ્રી ડાહ્યાભાઈ પટેલ
(દિવ્ય સ્પર્શ બંગલોઝ, શાહપુર)
શ્રી રાજુ પટેલ, શ્રી એમ. પી. પટેલ
(જય ઉમા ઈન્ફ્રાસ્ટ્રક્ચર, શાહપુર)
શ્રી નિલેષ પટેલ
(રાધે કોર્પોરેશન, શાહપુર)

સમસ્ત પાલજ ગ્રામજનો
સમસ્ત લવારપુર ગ્રામજનો
શ્રી અભયસિંહ રાઠોડ, શાહપુર
શ્રી જીતુભાઈ પ્રજાપતિ, કુડાસણ
શ્રી જસપાલસિંહ બિહોલા
(જીત ડેવલોપર્સ, પાલજ)
શ્રી જયેશકુમાર આર. પટેલ
(તલાટી ઈન્ફ્રા બિલ્ડર્સ & ડેવલોપર્સ)